# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૭૦, ઓક્ટોબર - નવેમ્બર, ૨૦૨૨





માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને ભેટ આપી આવકારતાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

## ભારતનું સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા 'સૂર્ય ગ્રામ'

## **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે રાષ્ટ્રને અર્પણ**




મોઢેરા 'સૂર્યગ્રામ'ની મુલાકાત લેતા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ **શ્રી એન્ટોનિયો ગુટેરેસ**

# આ અંકમાં

**અંક-૭૦**
**ઓક્ટોબર - નવેમ્બર, ૨૦૨૨**

**તંત્રી**
શ્રી પ્રભવ જોશી, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (બીડીએમ વિંગ)

**સંપાદક મંડળ**
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી જી. એચ. એન્જિનીયર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી. જે. ધનુલા, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એ. પી. પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી આઈ.જી. કટારા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી યુ. એન. આચાર્ય, કાર્યપાલક ઇજનેર (બીડીએમ વિંગ)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહિવટ), કડી, વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ,
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com

## આ અંકનાં આકર્ષણો...

**સંપાદકની કલમે**
- યુજીવીસીએલ ન્યુઝથી આપણું યુજીવીસીએલ તારીખ અને તવારીખ ૦૪

**લોકાર્પણ**
- ભારતનું સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા "સૂર્ય ગ્રામ" વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે રાષ્ટ્રને અર્પણ ૦૫

**ભરતી મેળો**
- હિંમતનગર ખાતે એપ્રેટિંસ ભરતી મેળો ૦૮

**મુલાકાત**
- ભારતના સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા 'સૂર્યગ્રામ'ની મુલાકાત લેતા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસ ૦૯

**રમત-ગમત**
- સાબરમતી ખાતે ૧૫મી ઇન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન ૧૧
- અંબાજી ખાતે યોજાયેલ ઇન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ ચેમ્પિયન ૧૨
- હિંમતનગર ખાતે ૧૫મી ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન ૧૨

**પરામર્શ બેઠક**
- પાલનપુર ખાતે કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યુજીવીસીએલને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે બેઠક યોજાઇ ૧૩
- વિજયનગરના ચિઠોડા ખાતે ગ્રાહક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ ૧૩

**લોકાર્પણ**
- પાલનપુર વિ.ક.ના તાબા હેઠળની માલણ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ ૧૪
- હિંમતનગરના તાબા હેઠળની મોડાસા પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ ૧૪
- સાબરમતીના તાબા હેઠળની ગોબલજ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ ૧૪
- મહેસાણાના તાબા હેઠળની વડનગર-૨ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ ૧૪

**વિદાય**
- વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં અધિકારીશ્રીઓનો વિદાય સમારંભ ૧૫
- સ્નેહ મિલન કાર્યક્રમ તથા વિદાય સમારંભનું આયોજન ૧૫
- શ્રી જી.એચ. એન્જિનીયરે મુખ્ય ઇજનેર (પી)નો કાર્યભાર સંભાળ્યો ૧૫



**આપણો દેશ સમગ્ર વિશ્વમાં ગૌરવરૂપ લોકશાહી ધરાવે છે. લોકશાહીને વધુ મજબૂત કરતી પરંપરાને અનુસરીને આપણા રાજ્યમાં ફરી ચૂંટણી યોજાઈ રહી છે. કંપનીના સૌ કર્મચારી અને તેમના પરિવારજનોને મતદાનની પવિત્ર ફરજ નિભાવવા મારી આગ્રહભરી અપીલ.**

**"અણગમતું કામ આવતી કાલને બદલે આજે જ કરજો. એ રીતે એ કરવાના ભયથી ભરેલા ચોવીસ કલાક તમે બચાવશો અને કામ પૂરું થઈ ગયાનો સંતોષ આપનારા ચોવીસ કલાક તમને મળી શકશે."**

**- બોબ ટાલ્બર્ટ**

**પ્રિય કર્મચારી મિત્રો,**

**સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ** આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા માટે આપણે સૌ સહિયારા પુરુષાર્થથી સતત પ્રયત્નશીલ રહ્યા છીએ અને કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારની ઊર્જાલક્ષી પહેલોને આપણે સતત સાકાર કરતા આવ્યા છીએ.

તાજેતરમાં તારીખ ૦૯મી, ઓક્ટોબર ૨૦૨૨ના રોજ આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના સૌ પ્રથમ સતત સૌર ઊર્જા સંચાલિત મોઢેરા સૂર્ય ગ્રામની મુલાકાત લઈને રૂ. ૩૦૯૨ કરોડથી વધુનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કરેલ છે, જ્યારે તા. ૨૦ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસ તેમના પ્રતિનિધિમંડળ સાથે, લોકાર્પણ કરવામાં આવેલ સુજાણપુરા સોલાર પ્લાન્ટ અને મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમો દરમિયાન આપણી કંપનીએ વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડીને સમગ્ર કાર્યક્રમ સફળ થાય તે માટે સુંદર કામગીરી કરી હતી. આ માટે હું નાનામાં નાના કર્મચારીથી માંડીને કામગીરીને સંલગ્ન તમામ અધિકારીઓને અભિનંદન પાઠવું છું.

મિત્રો, આપણો દેશ સમગ્ર વિશ્વની વિરલ લોકશાહીઓમાં સ્થાન પામેલ છે અને વર્ષોવર્ષ આપણી લોકશાહી સતત વધુ ને વધુ મજબૂત બનતી જાય છે. એ પરંપરાને આગળ ધપાવતાં, લોકશાહીના અનન્ય પર્વ સમાન ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણીની જાહેરાત ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવેલ છે. મતદાન કરવું એ આપણા સૌની નૈતિક અને પવિત્ર ફરજ છે. હું આપણી કંપનીના તમામ કર્મચારીઓને અને તેમના પરિવારજનોને અચૂકપણે મતદાન કરવા અનુરોધ કરું છું.

દર વર્ષની જેમ, તા. ૧૪ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર દરમિયાન આપણે વીજ બચત સપ્તાહની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. વીજ બચત સપ્તાહ દરમિયાન ગ્રાહકોમાં વીજ બચત અંગે જાગૃતિ કેળવાય તે માટે કામગીરી કરવા તમામ કર્મચારીઓને આહ્વાન આપું છું.

**પ્રભવ જોશી,** આઇએએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

## યુજીવીસીએલ ન્યુઝથી આપણું યુજીવીસીએલ

# તારીખ અને તવારીખ

આપણું કર્તવ્ય છે કે, આનંદિત રહેવું, જો આપણે પ્રસન્ન રહીશું તો અજ્ઞાતરૂપે પણ સંસારની સારી રીતે ભલાઈ કરી શકીશું. **- સ્ટિવેન્સ**



## સંપાદકની કલમે

**(નિવૃત્તિ પહેલાંનો અંતિમ પડાવ)**

જે રીતે આપણી યુજીવીસીએલ કંપની વીજ વિતરણની કામગીરીમાં અગ્રેસર છે, એ જ રીતે પોતાની કામગીરીની સફળતાઓ અને બોધપાઠો કંપનીના કર્મચારીઓ, માનવંતા ગ્રાહકો અને અન્ય હિતધારકો સાથે શેર કરવામાં પણ સતત અગ્રેસર રહી છે. આ જ હેતુથી કંપનીમાં તારીખ ૦૫.૧૦.૨૦૦૬ના રોજથી કોર્પોરેટ કમ્યુનિકેશન (સીસી) સેલની રચના કરવામાં આવી હતી.

સીસી સેલ દ્વારા કર્મચારીઓ, તેમના પરિવારજનો અને કંપનીના હિતધારકો સુધી કંપની દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી પહોંચાડવાના અસરકારક માધ્યમ તરીકે પ્રથમ "યુજીવીસીએલ ન્યુઝ" અને ત્યારબાદ "આપણું યુજીવીસીએલ" માસિક તેમજ દ્વિમાસિક મેગેઝિન શરુ કરવામાં આવ્યું, જે છેલ્લાં સત્તર વર્ષથી અવિરતપણે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે.

"યુજીવીસીએલ ન્યુઝ"ના ૩ (ત્રણ) અંકો અને "આપણું યુજીવીસીએલ"ના કુલ ૭૦ (સિત્તેર) અંકો ઉપરાંત કંપનીની વાર્ષિક કામગીરીનું પૃથ્થકરણ દર્શાવતી "યુજીવીસીએલ એટ અ ગ્લાન્સ", "ચિંતન શિબિર", "એવોર્ડઝ એન્ડ એચીવમેન્ટ", "યુજીવીસીએલ પીક ઓફ સકસેસ ૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૨" ઉપરાંત "વીજ સલામતી અકસ્માતોનાં અવલોકનો અને નિરાકરણો કર્મચારીઓ અને માનવંતા ગ્રાહકો માટે વર્ષ ૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૨" પ્રકાશિત કરી, વીજ અકસ્માતો પ્રત્યે કંપનીનો સંવેદનશીલ અભિગમ પણ સીસી સેલ દ્વારા ઉજાગર કરવામાં આવ્યો છે.

એ ઉપરાંત, નિયમિત રીતે વીજ બચત અને વીજ અકસ્માતો માટે સંદેશાઓ, જાગૃતિ ફેલાવતાં દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમોના ઉપયોગની સાથોસાથ, "અંધકારથી ઉજાસ તરફ"ની દસ્તાવેજી ફિલ્મ, "ખર્ચથી બચત તરફ" દસ્તાવેજી ફિલ્મ દ્વારા ખેડૂતોને વીજળી અને પાણીની બચત કરવા શું કરવું જોઈએ તે માટે માહિતગાર કરવામાં આવ્યા છે. દિવસે વીજળી આપવાની "કિસાન સૂર્યોદય યોજના"થી માહિતગાર કરવા માટે દસ્તાવેજી ફિલ્મનું નિર્માણ કરેલ છે.

માનવંતા ગ્રાહકો તથા કર્મચારીઓને વીજ સલામતી અંગે જાગૃત કરવા માટે "સેફટી ફિલ્મ્સ" બનાવવામાં આવેલ છે. સૌર ઊર્જાનો પ્રચાર કરવા માટે "સૂર્ય ગુજરાત" નામની દસ્તાવેજી ફિલ્મ પ્રસ્તુત કરવામાં આવેલ છે. કંપની માટે કર્મચારીઓને ગૌરવની લાગણી ઊભી થાય તે માટે "ગૌરવ ગીત"નું પણ સર્જન કરવામાં આવ્યું છે.

યુજીવીસીએલ દ્વારા કરવામાં આવી રહેલ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સરકારશ્રીના પ્રતિનિધિઓ સાથેની પરામર્શ બેઠકો, કર્મચારીઓના નિવૃત્તિ સમારંભો, રમતગમત તથા સંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પરિવારજનો દ્વારા રચિત કવિતા-વાર્તાઓ-શૈક્ષણિક તથા સામાજિક સિદ્ધિઓ, લોકાર્પણના અહેવાલો, એવોર્ડઝ કામગીરી અંગેના અહેવાલોની રજૂઆત, પ્રતિભાવ વગેરે માહિતી "આપણું યુજીવીસીએલ" મેગેઝિનમાં પ્રસ્તુત કરીને કર્મચારીઓ તથા હિતધારકોને કંપનીની કામગીરીથી સુપેરે માહિતગાર કરી કંપનીની કામગીરીનો સુવર્ણ ઈતિહાસ પ્રસ્તુત કરતી પ્રવૃત્તિઓ નિરંતર હાથ ધરવામાં આવેલ છે.

સીસી સેલ દ્વારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વીટર જેવાં નવાં ડિજિટલ માધ્યમોનો પણ અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ મેગેઝિન, અન્ય પબ્લિકેશન્સ તથા દસ્તાવેજી ફિલ્મોના નિર્માણ માટે કંપનીના ઉચ્ચ સત્તાધીશો દ્વારા સતત ૧૭ (સત્તર) વર્ષથી આપવામાં આવેલ પ્રોત્સાહનના પરિણામે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ કંપનીઓમાં યુજીવીસીએલને અન્ય બાબતોની સાથોસાથ પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રાખી, કંપની ભારતવર્ષની અગ્રગણ્ય વીજ કંપની હોવાની વાત સીસી સેલ દ્વારા સતત ગુંજતી રાખેલ છે.

કંપની દ્વારા પ્રચાર અને પ્રસારની અસરકારક કામગીરી છેલ્લાં ૧૭ (સત્તર) વર્ષથી અવિરતપણે ચાલુ રાખવામાં યોગદાન આપવાની મને તક મળી એ બદલ હું કંપની, સૌ અધિકારીઓ અને સાથી કર્મચારી મિત્રોનો હૃદયપૂર્વક આભારી છું. આગામી સમયમાં પણ આ પ્રવૃત્તિઓ વધુ સારી રીતે ચાલુ રહેશે તેવા વિશ્વાસ સાથે.

**- શૈલેશ નાયક**

સંપાદક, આપણું યુજીવીસીએલ

## ભારતનું સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા "સૂર્ય ગ્રામ"

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે રાષ્ટ્રને અર્પણ

### રૂપિયા 3092 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાત મુહૂર્ત સંપન્ન

તારીખ ૦૯ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રમાં આવેલ ભારતના સૌપ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા "સૂર્ય ગ્રામ" રાષ્ટ્રને અર્પણ કરવા સાથે રૂપિયા ૩૦૯૨ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાત મુહૂર્ત ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરવામાં આવેલ છે.

આ પ્રસંગે નવસારી લોકસભાના સાંસદ શ્રી સી.આર. પાટીલ, મંત્રીમંડળના સભ્યશ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી કનુભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી નિમિષાબેન સુથાર, શ્રી અરવિંદભાઈ રૈયાણી, મહેસાણા લોકસભાના સાંસદ સુશ્રી શારદાબેન પટેલ, પાટણ લોકસભાના સાંસદ શ્રી ભરતભાઈ ડાભી, રાજ્યસભાના સાંસદ શ્રી જુગલજી લોખંડવાલા, પૂર્વ ઉપમુખ્યમંત્રી તથા મહેસાણાના ધારાસભ્ય શ્રી નીતિનભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી રમણભાઈ પટેલ, શ્રી અજમલજીભાઈ ઠાકોર, જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રહેલાદભાઈ પરમાર, દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ પટેલ, સંગઠનના સૌ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત સૌ અધિકારીગણ તથા વિશાળ સંખ્યામાં પ્રજાજનો તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મિડિયાના પત્રકારો ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે સામાજિક અને રાજકીય આગેવાનો દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીનું વિવિધ ભેટ સોગાદો, પુષ્પગુચ્છ, શાલ તેમજ પાઘડી પહેરાવીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવેલ.

સદર પ્રોજેક્ટ માટે મોઢેરાનાં સબ-


મોઢેરા


સ્વાગત


અર્પણ

સ્ટેશનથી સુજાણપુરા સુધી અંડરગ્રાઉન્ડ કેબલ નાખવામાં આવ્યો તથા સુજાણપુરામાં ૧૫ મેગાવોટની બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)ના બે બેટરી રૂમ અને છ મેગાવોટ ગ્રીડ કનેક્ટેડ ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર ફોટો વોલ્ટેજ પાવર પ્લાન્ટ બનાવ્યા. ગામમાં કુલ ૨૧,૧૪૨ સોલાર ફોટો વૉલ્ટેજ પેનલ મૂકવામાં આવેલ છે.

બીજી બાજુ મોઢેરાનાં ૧૭૦૦ ઘરની અગાસીઓ ઉપર એક કિલોવોટની ત્રણ સોલાર પેનલ, સ્માર્ટ એનર્જી મીટર, સ્માર્ટ માઇક્રો ગ્રીડ કંટ્રોલર વગેરે સ્માર્ટ સોલાર સિસ્ટમ મુકાશે જેનાથી રિયલ ટાઈમ એનર્જી લોડ મેનેજમેન્ટ થશે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શરદપૂર્ણિમાના પાવન પ્રસંગે મહેસાણા જીલ્લાને ઐતિહાસિક વિકાસ કામોની ભેટ આપવા પધારેલા દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારતાં પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવેલ કે, આજે ૩૦૯૨ કરોડ રૂપિયાના બહુવિધ વિકાસ કામોની ભેટ આ ધરાને આપવા પધાર્યા છે. શરદપૂર્ણિમાના શુભ દિવસે આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા દર્શનમાં વિકાસનો ચંદ્ર સોળેકળાએ ખીલ્યો છે.

ગુજરાતથી દેશને વિકાસની રાજનીતિનો નવો રાહ ચિંધનાર વિકાસપુરુષ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુ-શાસનની એક એવી પરંપરા વિકસાવી છે કે, જેના ખાત મહુર્ત થાય તેના લોકાર્પણ પણ તેમના જ કાર્યકાળમાં થયા છે. સમયબદ્ધ, પારદર્શી અને પ્રજાના પૈસાનો પુરેપુરો સદુપયોગ ગુજરાતમાં તેમના નેતૃત્વમાં થઇ રહ્યું છે આજે ઉત્તર ગુજરાતને આંગણે વિવિધ કામોના લોકાર્પણ અને ખાતમહુર્તથી એ વાત સાકાર થઇ રહી છે વિકાસની પહેલી શરત વીજળી અને પાણી છે.

આદરણીય શ્રી નરેન્દ્રભાઈએ ૨૦૦૧માં ગુજરાતનું શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારે પુરતું પાણી પર્યાપ્ત વીજળી મળે તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એક સમય હતો કે ગુજરાતમાં વીજળી અપુરતી હતી, શ્રી નરેન્દ્રભાઈને લોકોએ રજૂઆત કરી કે સાહેબ વાળુ ટાણે વીજળી મળે એવું કાંઈક કરજો આદરણીય શ્રી નરેન્દ્રભાઈએ પ્રજાની પીડાના સમાધાન માટે રાજ્યના સમગ્ર વીજતંત્રમાં બદલાવની શરૂઆત કરી જે સમયે દેશમાં સૂર્ય ઊર્જાની વાતો થતી ત્યારે તેમણે બનાસકાંઠાના ચારણકામાં એશિયાના વિશાળ સોલાર એનર્જી પાર્કની સ્થાપના

કરી, બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતના મહત્તમ ઉપયોગથી તેમની આ પહેલ હવે વિશ્વ સમક્ષ એક દ્રષ્ટાંત બની ગયું છે.

સૂર્યમંદિરથી પ્રખ્યાત એવા આ મોઢેરા ગામને આજે સોલાર ઊર્જા સંચાલિત વીજળી ૨૪x૭ મળતી થઇ છે. મોઢેરા દેશનું સૌ પ્રથમ સૌર ઊર્જા સંચાલિત ગામ બન્યું છે અને ગામના દરેક ઘર ઉપર સોલાર રૂફટોપથી સૂર્ય ઊર્જા મળતી થઇ છે અને એક નેટ રીન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરનાર ગામનું ગૌરવ મેળવશે, સૂર્યમંદિર પણ સોલાર એનર્જી લાઈટથી ઝળહળતું થશે, ગુજરાતના મોઢેરા સૂર્યમંદિર ખાતે રૂપિયા ૮.૮૧ કરોડના ખર્ચે થ્રીડી પ્રોજેક્શન મેપિંગ અને હેરીટેજ લાઈટીંગ શો પણ શુરૂ કરવામાં આવેલ છે.

આદરણીય વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં સોલાર, વિન્ડ અને ગ્રીન હાઈડ્રોજન એનર્જીના નવતર આયોજનથી દેશમાં રીન્યુએબલ એનર્જીના સ્રોત વિકસાવવામાં આવી રહ્યાં છે, કચ્છમાં આપણે તેમનાજ માર્ગદર્શનમાં સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટનો હાઈબ્રીડ એનર્જીપાર્ક સ્થાપિત કરવાની કાર્યવાહી પુરજોશમાં ઉપાડી છે, રાજ્યમાં પાછલા બે દાયકામાં સ્થાપિત ક્ષમતામાં ૩૧,૦૦૦ મેગાવોટનો વધારો થયો છે, સોલાર એનર્જીમાં તો વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણે ઈતિહાસ સર્જ્યો છે ૨૦ વર્ષમાં ૭૧૮૦ મેગાવોટ ઉત્પાદન ક્ષમતા વધી છે.

આદરણીય વડાપ્રધાનશ્રીએ સુજલામ-સુફલામ યોજના નેટવર્ક અને નર્મદા આધારિત પાણીપુરવઠા યોજનાઓ બલ્ક પાઈપલાઈનથી ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડવામાં સફળતા મેળવી અને પાણીદાર ગુજરાત બનાવ્યું છે, પાણીના સ્તર ઊંચા આવ્યાં છે અને ખેડૂતોને સિંચાઈ માટે પુરતું પાણી મળતું થયું છે, આજે વડાપ્રધાનશ્રી ૨૦૦૦ એકર જમીનને સિંચાઈનો લાભ આપનારી રૂપિયા ૧૦૮ કરોડની પાઈપલાઈનનું લોકાર્પણ કરવાના છે.

આદરણીય નરેન્દ્રભાઈએ પાણી, વીજળી અને સ્કીલ્ડ વર્કફોર્સ માટેની જરૂરી સુવિધાઓને પ્રોત્સાહન આપી અને વાઈબ્રન્ટ સમીટની સફળ શ્રેણીઓ યોજીને ઉત્તર ગુજરાતને પણ ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર કર્યું છે. ગુજરાતનો સર્વગ્રાહી વિકાસ સુરજની જેમ ઝળહળે છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણે ગુજરાતના વિકાસની યાત્ર હજુ ખૂબ આગળ સુધી લઇ જવાની છે. આઝાદીના અમૃત મહોત્સવે આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતના નિર્માણથી આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનું છે. ઉત્તમ ગુજરાતને સર્વોત્તમ ગુજરાત બનાવવાનો અમૃત કાળ આવ્યો છે તે સૌ સાથે મળીને સાકાર કરીશું એવા વડાપ્રધાન શ્રી ને વિશ્વાસ આપી વિરમું છું.

## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મોઢેરા ખાતે પ્રવચન

*આજે મોઢેરાના માટે મહેસાણા માટે અને પુરા ઉત્તર ગુજરાત માટે વિકાસની નવી ઊર્જાનું સંચાર થયું છે, વીજળી, પાણીથી લઈને રોડ, રેલ સુધી ડેરીથી લઈને કૌશલ વિકાસ અને સ્વાસ્થ્યથી જોડાયેલ અનેક પ્રોજેક્ટ્સનું આજે લોકાર્પણ અને શિલાન્યાસ થયું છે હજારો-કરોડ રૂપિયાથી વધુના આ પ્રોજેક્ટ્સ રોજગારના નવા અવસર પેદા કરશે, ખેડૂતો અને પશુપાલકોની આવક વધારવામાં મદદ કરશે, અને પુરા ક્ષેત્રમાં હેરીટેઝ ટુરીઝમથી જોડાયેલ સુવિધાઓનું પણ વિસ્તરણ કરશે. આપ સૌને આ વિકાસ પરિયોજનાઓ માટે ખૂબ ખૂબ અભિનંદન.*

*આજે જ્યારે આપણે ભગવાન સૂર્યની નગરી મોઢેરામાં છીએ તો આ સુખદ સંયોગ છે કે આજે શરદપૂર્ણિમા પણ છે, સાથે આજે મહર્ષિ વાલ્મીકીની જયંતીનું પાવન અવસર પણ છે. એટલેકે એક પ્રકારે ત્રિવેણી સંગમ થયું છે. જે રીતે મહર્ષિ વાલ્મીકીએ આપણને ભગવાન રામના સમરસ જીવનનું દર્શન કરાવ્યું જે રીતે સમાનતાનો સંદેશ આપ્યો, આપ સૌને, પુરા દેશને શરદપૂર્ણિમા અને મહર્ષિ વાલ્મીકી જયંતીની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.*

*છેલ્લા કેટલાક દિવસોથી તમે ટી.વી., ન્યુઝપેપર, સોશ્યલ મીડિયામાં જોતા હશો કે, સૂર્ય ગ્રામને લઈને, મોઢેરાને લઈને પુરા દેશમાં ચર્ચા થાય છે, કોઈ કહે છે કે સપના અમારી આંખોના સામે સાકાર થાય છે એવું ક્યારે પણ વિચાર્યું નહોતું, કોઈ કહે છે કે, આપણી ચિર પૂરાતન આસ્થા અને આધુનિક ટેકનોલોજી માનો એક નવો સંગમ દેખાઈ રહ્યો છે, કોઈ આને ભવિષ્યના સ્માર્ટ ગુજરાતની ઝલક કહે છે, આજે આપણા સૌ માટે પુરા મહેસાણા, પુરા ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે. પહેલા દુનિયા મોઢેરાને સૂર્ય મંદિરથી ઓળખતી હતી પરંતુ હવે મોઢેરા સૂર્યમંદિરની સાથે સાથે મોઢેરા સુર્યગ્રામની રીતે પણ ઓળખાશે. આમ મોઢેરા દુનિયાના નકશામાં પોતાનું સ્થાન મેળવી લેશે.*

*આજે મોઢેરા પોતાની પૌરાણિકતાની સાથે આધુનિકતા માટે દુનિયા માટે એક મિસાલ બની રહ્યું છે. ભવિષ્યમાં જ્યારે દુનિયામાં સૌર ઊર્જાની વાત થશે એટલે મોઢેરા પહેલું નામ આવશે. કારણકે અહીંયા બધું જ સૌર ઊર્જાથી ચાલી રહ્યું છે, ઘર, ખેતીવાડી, વાહનો પણ સૌર ઊર્જાથી ચલાવવાનો પ્રયાસ થશે, ૨૧મી સદીમાં આત્મનિર્ભર ભારત માટે આપણને આપણી ઊર્જા જરૂરિયાતોથી જોડાયેલ આવાજ પ્રયાસોને વધારવાના છે. હું ગુજરાતને, દેશને, આપણી આવનારી પેઢી માટે દેશને યોગ્ય દિશામાં લઇ જવાનો પ્રયાસ કરી રહ્યો છું.*

*અહીં વીજળી વાપરનાર અને માલિક પોતે એક જ છે જરૂરિયાતની વીજળી ઉત્પન્ન કરો અને વધારાની વીજળી સરકારને વેચી દો આમ વીજળીના બીલથી છુટકારો પણ મળશે અને એટલું જ નહીં હવે આપણે વીજળી વેચી અને કમાણી કરીશું.*

*હવે લોકો ખેતરોમાં સોલાર પેનલો લગાવશે, ખેડૂતો પોતાના માટે વીજળી પેદા કરશે, સૌર પંપ પણ લગાવશે અને આને માટે સરકાર સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા આર્થિક મદદ પણ આપે છે, લાખો સોલાર પંપનું વિસ્તરણ થઇ રહ્યું છે, દેશભરમાં આપણે ખેડૂતોની જરૂરિયાત પ્રમાણે સૌર*

ઊર્જાથી ચાલતા પંપ બનાવીને ખેતરમાં પાણી સીંચવા માટે કામ આવે તેના માટે સરકાર કામ કરી રહી છે.

એ દિવસો પણ હતાં જ્યારે ઉત્તર ગુજરાતમાં વીજળી અને પાણીની ખુબ જ તંગી હતી, અનેક પ્રકારની સમસ્યાઓ હતી અને વીજળીના અભાવમાં એ વખતે ભણવાનું તો અત્યંત મુશ્કેલ હતું, ઘરમાં એ જમાનામાં ટી.વી. કે પંખો પણ નહોતાં, સિંચાઈની વાત હોય, ભણવાની વાત હોય કે દવાની વાત હોય બધામાં મુસીબતોનો અંબાર હતો અને એનો સૌથી મોટો દુષ્પ્રભાવ આપણી દીકરીઓના શિક્ષણ પર પડતો હતો. આજે નવી પેઢી માટે આસમાન જેટલા અવસરો ઉપલબ્ધ છે.

સાથીઓ, કોઈપણ પરિવર્તન એમને એમ નથી આવતું એના માટે દૂરગામી વિચાર હોવો જોઈએ, તમે સાક્ષી છો આપણે પાંચ શક્તિને આધારે ગુજરાતમાં વિકાસના પાંચ પિલ્લર ઉભા કર્યા હતાં, હું જ્યારે મુખ્યમંત્રી હતો અને અન્ય રાજ્યોના મુખ્યમંત્રી જોડે વાત કરતાં જયારે કહું કે અમારું મોટું બજેટ પાણી માટે વાપરવું પડે છે, અમે પાણી માટે મુસીબતોથી જીવીએ છીએ, ૧૦ વર્ષમાં ૭ વર્ષ તો દુકાળના દિવસો અમે કાઢીએ છીએ, અને એટલા માટે જયારે આપણે પંચામૃત યોજના લઈને નીકળ્યાં હતાં એમાં સૌથી મોટું ફોકસ ગુજરાત માટે વીજળી તથા પાણી માટે કર્યું હતું, અને અન્ય જરૂરિયાતોમાં આપણી આવનારી પેઢી માટે શિક્ષણ અને વડીલો માટે સ્વાસ્થ્ય માટે પૂરી તાકાત લગાવી હતી, ખેતી તરફ ધ્યાન આપ્યું, ગુજરાતને તેજ ગતિથી વિકાસ કરવા માટે ઉત્તમ પ્રકારના રેલ, રસ્તા, એરપોર્ટ, કનેક્ટિવિટી ઉપર ધ્યાન આપ્યું, ગુજરાતમાં ઉદ્યોગો લાવવા, પર્યટન લાવવા જેવાકે "સ્ટેચ્યુ ઓફ યુનિટી" કે જ્યાં જેમ અમેરિકામાં લોકો "સ્ટેચ્યુ ઓફ લીબર્ટી" જોવા લોકો જાય છે એના કરતાં વધારે અમારા સરદાર સાહેબના ચરણોમાં વંદન કરવા લોકો આવે છે, આ મોઢેરા જોત જોતામાં ટુરીઝમનું સેન્ટર બની જવાનું છે અને તમે પણ તૈયારી કરો કે અહી આવનારો કોઈ પણ ટુરિસ્ટ નિરાશ થઈને – દુઃખી થઈને ન જાય તો અહીંયા ટુરિસ્ટ મોટી સંખ્યામાં આવવાના શરુ થશે.

અહીં ગામે ગામ ૨૪ કલાક વીજળી આપવાની વાત મે સૌથી પહેલા ઊંઝામાં ચાલુ કરી, ઊંઝામાં જ્યોતિગ્રામ યોજના બનાવી હતી, દરેક ગુજરાતી એનો ગવાહ છે કે આપણે નક્કી કર્યું કે આપણે ૨૪ કલાક દરેક ગામમાં વીજળી આપવી છે અને ૧૦૦૦ દિવસમાં આ કામ કરી બતાવ્યું. આવી જ રીતે દિલ્હીમાં પણ જયારે જોયું કે ૧૮૦૦૦ ગામોમાં વીજળી જ નથી તો ત્યાં પણ આવો જ સંકલ્પ કરી ને મે


ઉદ્‌બોધન

૧૮૦૦૦ ગામોને વીજળી ધરાવતાં કરી દીધાં. આટલાથી સંતોષ નથી માણવાનો મારે મન તો આ જે કર્યું છે એના કરતાં અનેક ગણું કરવું છે. વીજળી પહોંચે, પાણી પહોંચે તો ઔદ્યોગિક વિકાસ થાય, કૃષિ ઉત્પાદનમાં વૃધ્ધિ થાય, દૂધ ઉત્પાદનમાં વૃધ્ધિ થાય અને હવેતો ફૂડપાર્કનું પણ કામ થઇ રહ્યું છે એફ.પી.ઓ. બની રહ્યાં છે.

આપણું મહેસાણા દવા, પ્લાસ્ટિક, સિમેન્ટ, એન્જીનીયરીંગ આ બધા ઉદ્યોગો માટે એક મોટું ઊર્જા કેન્દ્ર બની રહ્યું છે કારણ કે જરૂરિયાત વધી છે, આપણું મંડળ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝન, એના બાદ તો ઓટોમોબાઇલ ઈન્ડસ્ટ્રીઝ સ્થપાઈ છે જેમાં ત્રણ પ્લાન્ટમાં લાખો ગાડીઓ બની રહી છે. મારા શબ્દો યાદ રાખજો દોસ્તો જે ગુજરાતમાં સાઈકલ નહોતી બનતી ત્યાં ગાડીઓ, મેટ્રોના કોચ બનતા થયાં છે હવે એ દિવસો પણ દુર નથી કે જયારે વિમાન પણ ગુજરાતમાં બનશે, નવા રોજગારની તકો સર્જાશે.

વિકાસ કરવો હશે તો શિક્ષણ, કૌશલ, આરોગ્ય એના વિના બધું અધૂરું છે અને એના માટે મહેસાણા અને ગુજરાતમાં આમાં પણ વિશેષ ધ્યાન અમે આપ્યું છે, સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના પ્રશિક્ષણ માટે સરદાર સાહેબની સ્મૃતિમાં એક સરસ મજાનું સંસ્થાન ઉભું થઇ રહ્યું છે જે અહીંના નૌજવાનોને પ્રગતિ કરવાનો અવસર પ્રદાન કરશે અને આવા મહત્ત્વ પૂર્ણ નિર્ણય માટે હું ગુજરાત સરકારને અભિનંદન પાઠવું છું. વડનગરમાં મેડીકલ કોલેજ, ગુજરાતના દરેક જીલ્લામાં આધુનિક સ્વાસ્થ્ય સુવિધાઓ સરકાર આવનારા દિવસોમાં જેટલી વધારે થાય તેટલી કરવા માગે છે. સાથીઓ મને એ વાતનો સંતોષ છે કે પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રો જેના કારણે સસ્તી દવાઓ મળતી થઇ જેનો લાભ વડીલો અને જનતાને મળતો થયો.

અમારો તો મંત્ર છે "સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ ઔર સબ કા પ્રયાસ". સૂર્યના પ્રકાશની જેમ જે રીતે સૂર્ય કોઈ ભેદભાવ નથી કરતો જ્યાં પહોંચાય ત્યાં સૂર્ય પોતાનો પ્રકાશ વિસ્તારતો હોય છે એમ વિકાસનો પ્રકાશ પણ ઘરે ઘરે ગરીબના ઝુંપડા સુધી પહોંચે એના માટે મને તમારા આશીર્વાદ જોઈએ અમારી ટીમને તમારા આશીર્વાદ જોઈએ અને ગુજરાતના વિકાસને અમે ચાર ચાંદ લગાવતાં રહીશું. ફરી એક વાર આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ, ખૂબ ખૂબ અભિનંદન ધન્યવાદ.

લોકાર્પણ બાદ વડાપ્રધાનશ્રીએ રેલીના કાર્યક્રમ દ્વારા મોઢેરાનાં ગ્રામજનોનું અભિવાદન મેળવેલ. કાર્યક્રમ બાદ વડાપ્રધાનશ્રી એ કુળદેવી શ્રી મોઢેશ્વરી માતાના દર્શન અને પૂજા અર્ચના કરી આશીર્વાદ મેળવેલ. લોકાર્પણના ભાગરૂપે વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે મોઢેરા સૂર્યમંદિર ખાતે સૌર ઊર્જા સંચાલિત ૩-ડી પ્રોજેક્શન મેપિંગ શો અને હેરીટેજ લાઈટિંગનો પ્રારંભ કરવામાં આવેલ. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા સૂર્યનગરી મોઢેરા ખાતે કાયમી ધોરણે 3-D પ્રોજેક્શન મેપિંગ તેમજ મોન્યુમેન્ટ લાઈટીંગની શરૂઆત કરાઇ છે. દેશના

પ્રધાનમંત્રીશ્રીએ આ લાઈટીંગ અને સાઉન્ડ શોનો પ્રારંભ કરાવ્યો હતો.

મોઢેરા સૂર્યમંદિર હવે રાત્રિના સમયે પણ પ્રકાશથી ઝળહળી ઉઠશે. અહીં સૂર્યમંદિર પરિસરમાં સૌર ઊર્જા આધારિત સ્માર્ટ સ્ટ્રીટલાઈટ લગાવવામાં આવેલ છે. ભારત સરકારના પર્યટન મંત્રાલય તથા કલ્ચર વિભાગ દ્વારા ભારતમાં જુની પૌરાણિક શૈલી તથા તેના ઈતિહાસને માહિતગાર થાય તેવા મોન્યુંમેન્ટસ પર લાઈટીંગ તથા લાઈટ અને સાઉન્ડ શો કામગીરી સૂર્યમંદિર મોઢેરા ખાતે કરાઇ છે. ભારતમાં મુખ્યત્વે આવેલા સૂર્યમંદિર પૈકી કોર્ણાકના સૂર્યમંદિર પર ખૂબ જ સુંદર પ્રકારનો પ્રોજેક્શન મેપિંગ સાથેનો સાઉન્ડ અને લાઈટ શો કાર્યરત છે. આવુ જ એક અકલ્પનીય સૂર્ય મંદિર ગુજરાતના મહેસાણા જીલ્લાના મોઢેરા ખાતે આવેલું છે જ્યાં દર વર્ષે જાન્યુઆરી મહિનામાં ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવવામાં આવે છે.

મોઢેરા ખાતેના કાર્યક્રમમાં 150થી વધુ કલાકારો દ્વારા મોઢેરા સૂર્યમંદિર ખાતે આદિત્ય હૃદયમ્ સ્તોત્રમ રજૂ કર્યો હતો. અદ્ભુત, અલૌકિક અને અદ્વિતિય આ સ્તોત્રમ ભરતનાટ્યમ, કથકલી, ઓડિસી, કથક, મણિપુરી, કુચીપુડી અને મોહિનીઅટ્ટમ જેવા 7 શાસ્ત્રીય નૃત્યોના સંગમથી રજૂ કરવામાં આવેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રીના હસ્તે મહેસાણા ખાતે રૂ. ૫૧૧ કરોડના ખર્ચે સાબરમતી-જગુદણ ગેજ કન્વર્ઝનનું લોકાર્પણ, રૂ. ૩૩૫ કરોડના ખર્ચે ONGC-નંદાસણ સરફેસ ફેસિલિટીનું લોકાર્પણ, રૂપિયા 108 કરોડના ખર્ચે સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ(ખેરવા)થી શીગોડા તળાવ(વિસનગર) સુધી પાણીના વહન માટે પાઇપલાઇન પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂપિયા 39.83 કરોડના ખર્ચે ધરોઇ ડેમ આધારિત વડનગર ગ્રુપ- ખેરાલુ ગ્રુપ અને ધરોઇ ગ્રુપનો સુધારણ પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ રૂપિયા 26.50 કરોડના ખર્ચે ચાર માર્ગીય બેચરાજી-મોઢેરા-ચાણસ્મા માર્ગ પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂ. 23.50 કરોડના સરદાર પટેલ ઇન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન પ્રાદેશિક છાત્રાલયના નવીન મકાન બાંધકામના પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ રૂ. 22 કરોડના ઉંઝા-દાસજ-ઉપેરા-લાડોલના રસ્તા પહોળા કરવાના પ્રોજેક્ટનું લોકાર્પણ સંપન્ન થયું છે.

જ્યારે રૂપિયા 1184.34 કરોડના ખર્ચે ચારમાર્ગીય પાટણ-ગોઝારીયા માર્ગ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત, રૂપિયા 300 કરોડના ખર્ચે મહેસાણા દુધ સાગર ડેરી ખાતે પાઉડર પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત, રૂપિયા 171 કરોડના ખર્ચે મહેસાણા સિવિલ હોસ્પિટલના પુનઃ નિર્માણનું કામ, રૂપિયા 125 કરોડના ખર્ચે મહેસાણા દુધસાગર ડેરી ખાતે યુએચટી મિલ્ક પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તેમજ રૂપિયા 143 કરોડના ખર્ચે ઓએનજીસી –નોર્થ કડી ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વડાપ્રધાન શ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આમ, કુલ મળીને મહેસાણાને રૂ. ૩૦૯૨ કરોડના વિકાસકાર્યોની ભેટ મળી છે. ■

# હિંમતનગર ખાતે એપ્રેટિંસ ભરતી મેળો

હિંમતનગર ખાતે તા. ૨૭-૯-૨૦૨૨થી તા. ૩૦-૯-૨૦૨૨ દરમ્યાન એપ્રેંટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ. તેમાં કુલ ૨૫૯૨ ઉમેદવારોને કોલ લેટર મોકલવાની આવ્યા હતા. પ્રથમ દિવસે અધિક્ષક ઈજનેર, શ્રી જી.જે. ધનુલા તથા કાર્યવાહક સહાયક સચિવ, શ્રી જે.એમ. રોયની આગેવાનીમાં પારદર્શક ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. પ્રથમ દિવસે કુલ ૬૫૦ ઉમેદવાર બોલાવવામાં આવ્યા હતા.

તેમાંથી ૩૦૧ ઉમેદવારો હાજર રહ્યા હતા. તથા બીજી દિવસે કોર્પોરેટ કચેરીના વિશેષ મહાપ્રબંધક (માં.સં.), શ્રી એ.સી. પ્રજાપતિની દેખરેખ હેઠળ કુલ ૬૪૨ ઉમેદવારમાંથી ૩૦૦ ઉમેદવાર હાજર રહ્યાં હતા તથા ત્રીજા દિવસે કોર્પોરેટ કચેરીના નાયબ મહાપ્રબંધક (માં.સં.), શ્રી એન.બી.



બલાતની દેખરેખ હેઠળ કુલ ૬૫૦ ઉમેદવારો હાજર રહ્યા હતા. તથા છેલ્લા દિવસે કુલ ૬૬૮માંથી ૩૪૫ ઉમેદવારો હાજર રહ્યા હતા. આમ કુલ બોલાવેલ ૨૫૯૨ ઉમેદવારોમાંથી ૧૫૯૬ ઉમેદવારો ભરતી પ્રક્રિયા દરમિયાન હાજર રહેલ હતા.

સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શક રીતે કંપનીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ દ્વારા હિંમતનગર વર્તુળ કચેરીના પટાંગણમાં સફળતાપૂર્વક કરવામાં આવી હતી. ■

## પ્રતિભાવ

I have read UGVCL Online Newsletter August-September-2022 interestingly; during the reading I feel wonderful journey of unbeaten UGVCL achievements and events. A little appreciation goes a long way. On behalf of team HR I would like to express our sincere admiration for entire Team Corporate Communication Cell for yours outstanding efforts. We also appreciate everything that you (Shri S.A. Naik Sir) have done over the past several years since you have joined us. The endless hours you have spent working here and the professionalism you have shown has motivated the entire team UGVCL immensely. Thanks...

**- H.N. Bhavsar**, Personnel Officer

## ભારતના સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા 'સૂર્યગ્રામ'ની

# મુલાકાત લેતા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસ

તારીખ ૧૯-૨૦ ઓક્ટોબર ૨૦૨૨ દરમ્યાન ગુજરાતની મુલાકાતે પધારેલા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રીયુત એન્ટોનિયો ગુટેરેસે મહેસાણા જીલ્લામાં આવેલ ભારતના સૌ પ્રથમ સૌર ઊર્જા સંચાલિત મોઢેરા 'સૂર્યગ્રામ'ની મુલાકાત લીધેલ. તેઓએ તેમનાં પ્રતિનિધિ મંડળ સાથે સુજાણપુરા ખાતે દેશના પ્રથમ સૌર ઊર્જા સંચાલિત મોઢેરા સૂર્ય ગ્રામની મુલાકાત લઇ મોઢેરા સૂર્યમંદિર ખાતે વડાપ્રધાનશ્રી દ્વારા તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવેલ સૂજાણપુરા સોલાર પ્લાન્ટની મુલાકાત લીધેલ. હેલિપેડ ખાતે ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે તેઓશ્રીનું ભાવભર્યું સ્વાગત ગુજરાતનાં ખ્યાતનામ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી કરવામાં આવેલ.


સ્વાગત


નિરીક્ષણ




સુજાણપુરા ખાતે સંયુક્ત રાષ્ટ્રનાં મહાસચિવશ્રી એન્ટોનિયો ગુટેરેસે પ્રત્યક્ષ પરામર્શ બેઠકમાં પ્રોજેક્ટ વિષે સંપૂર્ણ માહિતી મેળવેલ. સદર પ્રેઝન્ટેશન કાર્યક્રમનું


ઉદ્બોધન

સંચાલન શ્રી પ્રભવ જોશી દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ તેઓશ્રીએ કંટ્રોલરૂમની અને પ્રોજેક્ટની મુલાકાત લઈને આનંદની લાગણી વ્યક્ત કરેલ અને જણાવેલ કે, આ માત્ર સોલાર પ્રોજેક્ટ નથી, પરંતુ ઉજ્જવળ ભવિષ્યનાં સમુદાયને શ્રેષ્ઠ બનાવવાનો એક સામાજિક પ્રોજેક્ટ છે. ભારતીય સંસ્કૃતિ સૂર્યની સાથે જોડાયેલી સંસ્કૃતિ છે. આપણે સૌ સુર્યની ઊર્જાનો ઓછો ઉપયોગ કરીએ છીએ. પરંતુ આ પ્રકારના પ્રોજેક્ટ થકી હવે સમગ્ર વિશ્વના લોકો સૂર્ય ઊર્જાના મહત્ત્વથી માહિતગાર થશે.

ગુજરાતસરકારના ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવશ્રી

> આ માત્ર સોલાર પ્રોજેક્ટ નથી, પરંતુ ઉજ્જવળ ભવિષ્યના સમુદાયને શ્રેષ્ઠ બનાવવાનો એક સામાજિક પ્રયાસ છે.
>
> **- એન્ટોનિયો ગુટેરેસ**

એન્ટોનિયો ગુટેરેસનો આભાર વ્યકત કરતાં જણાવ્યું કે, ગુજરાત હાલ રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે વિકાસ કરી રહ્યું છે. મોઢેરામાં સૂર્ય ભગવાનનું મંદિર આવેલું છે. અહીં આ વિશાળ સોલાર પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપણાથી જ શકય બન્યું છે. હાલમાં મોઢેરા સમગ્ર દેશમાં સસ્ટેનેબલ એનર્જી ડેવલપમેન્ટનું આઈકોન બન્યું છે. મોઢેરાના ૧૩૦૦થી વધુ મકાનોની છતો પર ૧ KW સોલાર રૂફ ટોપ સિસ્ટમ લગાડવામાં આવી છે. અત્યાર સુધી સરકાર વીજળી ઉત્પાદન કરતી અને લોકો ખરીદતા હતા, પણ હવે તેમાં બદલાવ આવ્યો છે. લોકો ઘરોમાં સોલાર પેનલ લગાવે, ખેડૂતો

> વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે ખૂબ ઝડપથી વિકાસ કરી રહ્યું છે.
>
> **- શ્રી કનુભાઇ દેસાઇ,** ઊર્જા મંત્રી

ખેતરમાં વીજળી ઉત્પન્ન કરે અને સરકાર ખરીદે છે. આ પરિસ્થિતિના કારણે લોકોના જીવનમાં બદલાવ આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગત 09 ઓક્ટોબરના રોજ સંપૂર્ણ સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા સૂર્યગ્રામ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતુ. વડાપ્રધાનશ્રી એ સૂર્યગ્રામ વિશે કહ્યુ

હતુ કે, વિશ્વમાં જ્યારે પણ સૌર ઊર્જાની વાત આવશે ત્યારે મોઢેરાને યાદ કરવાની ફરજ પડશે. મોઢેરા ગામને આ પ્રોજેક્ટ થકી ૨૪ કલાક સૌરઊર્જા પૂરી પાડવામાં આવશે. સૂર્યગ્રામની આ યોજનાથી માત્ર વીજળી જ નહીં, પરંતુ તેના વપરાશ બાદ નાણાં પણ મળશે અને વીજ બિલમાંથી છુટકારો થશે.

આજની મુલાકાત દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવશ્રી એન્ટોનિયો ગુટેરેસની સાથે ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, મહેસાણાના લોકસભાના સાંસદ સુશ્રી શારદાબેન પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી જુગલજી ઠાકોર, ધારાસભ્ય શ્રી કરશનભાઇ સોલંકી, સંયુક્ત રાષ્ટ્રના ભારતના પ્રતિનિધિ સુશ્રી રૂચીરા કંબોજ, યુ.એન. પ્રોટોકોલ અધિકારી શ્રી પ્રકાશ ગુપ્તા, અંડર સેક્રેટરી જનરલ શ્રી અતુલ ખરે, સેક્રેટરી જનરલ શ્રી અમનદિપ સિંઘ, આસીટન્ટ સેક્રેટરી સેલ્વીન હાર્ટ, યુ.એન રેસીડન્ટ કો ઓર્ડિનેટર શોમ્બી શાર્પ, ડેપ્યુટી ચીફ ઓફ પ્રોટ્રોકોલ શ્રી અવિનાશકુમાર સિંઘ, ડેપ્યુટી સેક્રેટરી શ્રી વિવેક સિંઘ, ઊર્જા વિભાગના અગ્રસચિવ સુશ્રી મમતા વર્મા, પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આલોક કુમાર પાંડે, જિલ્લા કલેક્ટર શ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો. ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અચલ ત્યાગી નિવાસી અધિક કલેક્ટર શ્રી ઇન્દ્રજીતસિંહ વાળા, યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશી સહિત અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોઢેરા સૂર્યમંદિરથી ૬ કિ.મી. દૂર સુજાણપુર ખાતે ૧૫ MWh બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) સાથેનો ૬ MW સોલાર પ્લાન્ટ ઊભો કરેલ છે. મોઢેરા સૂર્ય મંદિરની પાસે સૂર્યઊર્જાથી સંચાલિત અત્યાધુનિક ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ સિસ્ટમ માટે ચાર્જિંગ સ્ટેશન પણ ઊભું કરવામાં આવેલ છે.

**António Guterres**
@antonioguterres

I was happy to meet the community of the first village in India to have round the clock solar energy.

Renewable energy is the answer to limiting climate disruption and boosting energy security.




**Ruchira Kamboj**
@ruchirakamboj

What a special privilege to visit the magnificent Sun Temple at Modhera as part of Secretary General @antonioguterres's visit to #India!

Thank you Modhera for the warmest hospitality🙏



સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસે ઐતિહાસિક ધરોહર સૂર્યમંદિરની મુલાકાત લીધી જ્યાં સૂર્યમંદિર ખાતે SGVPના બાર શિક્ષાર્થીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે પારંપારિક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ આદિત્ય હૃદયમ સ્તોત્રમની થીમ પર આધારિત સાંસ્કૃતિક કલાશૈલી તેમજ લાઇટ એન્ડ સાઉન્ડ શો નિહાળ્યો હતો જ્યાં 100થી વધુ કલાકારો દ્વારા સૂર્યમંદિર ખાતે આદિત્ય હૃદયમ્ સ્તોત્ર થીમ પર આધારિત નૃત્ય રજૂ કરેલ.

મોઢેરા સૂર્યમંદિર કલાકૃતિનો ઉત્તમ નમૂનો હોવાની સાથે આપણા પૂર્વજોની દૂરંદેશીનું શ્રેષ્ઠ ઉદાહરણ હોવાનું જણાવેલ તેમજ મોઢેરાના ગ્રામજનો સૌરઊર્જાના સૈનિકો હોવાનું જણાવી પ્રોત્સાહન પૂરું પાડેલ. મોઢેરા સૂર્યમંદિર ખાતે 3D પ્રોજેક્શન મેપિંગ લાઇટ એન્ડ સાઉન્ડ શો નિહાળ્યા બાદ દેશના સૌ પ્રથમ સંપૂર્ણ સૌર ઊર્જા સંચાલિત મોઢેરા ગામના લાભાર્થીઓ સાથે સંવાદ કરી આનંદ વ્યક્ત કરેલ.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસે ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર એવા મહેસાણા જિલ્લાના મોઢેરા સ્થિત સૂર્યમંદિરની મુલાકાત લઇ જણાવ્યું હતું કે, મોઢેરા સૂર્યમંદિરની કલાકૃતિ બેનમૂન છે. મોઢેરા સૂર્યમંદિર સૂર્ય સાથે સંકળાયેલુ છે. હજારો વર્ષથી સૂર્યએ જીવન બક્ષ્યું છે,પરંતુ આજે આપણે કોલસા અને કુદરતી તેલનો અનિયંત્રિત ઉપયોગ કરીને પૃથ્વીને અને વાતાવરણને નુકસાન પહોંચાડ્યુ છે ત્યારે દેશના સૌ પ્રથમ સંપૂર્ણ સૂર્યગ્રામ એવા મોઢેરાના ગ્રામજનો સાથે વાર્તાલાપ કરી તેમને સૌરઊર્જાના સૈનિકો ગણાવી આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રીયુત એન્ટોનિયો ગુટેરેસે વર્તમાન



સમયમાં પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતો વિશે અત્યંત સરળ ભાષામાં ઉપસ્થિતોને સમજણ આપતા કહ્યું કે, સૂર્ય વગર જીવન શક્ય નથી. જેટલું આપણે પર્યાવરણને નુકસાન પહોંચાડીશું, એટલા જ સૂર્ય દેવ આપણાથી નારાજ થશે અને એટલી જ ગરમીમાં વધારો થશે. આજે પર્યાવરણ અનુકૂળ જીવન શૈલીની જરૂર છે. મોઢેરા ગામના નાગરિકોએ સૂર્ય ઊર્જાને પોતાની જીવન શૈલીનો ભાગ બનાવ્યું છે તે ખરેખર સરાહનીય કાર્ય છે અને તે પર્યાવરણીય અનુકૂળ જીવનશૈલીનું ઉત્તમ ઉદાહરણ હોવાનું જણાવ્યું હતું.






આ તકે ઉપસ્થિત ગ્રામજનોએ સોલાર ઊર્જાને આશીર્વાદરૂપ ગણાવતા કહ્યું કે તેમનાં ઘરો પર સોલાર પેનલ લગાવતા પહેલાં તેઓ માસિક રૂ. ૩૦૦૦/- જેટલું બિલ ચૂકવતા હતા, પરંતુ આજે આ તમામ ખર્ચ થતો અટક્યો છે અને પરિણામે બચતની આ તમામ રકમ તેમના માટે પેન્શન તરીકે ઉપયોગી થાય છે.

શ્રી ગુટેરેસે ગ્રામજનો દ્વારા આપવામાં આવેલા આવકાર અને દર્શાવેલી સહૃદયતા બદલ અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

સૂર્યમંદિરનું નિર્માણ કરવા બદલ પૂર્વજોનો આભાર વ્યક્ત કરતા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવઃ વિઝીટર બુકમાં શબ્દોરૂપી ધન્યતા વ્યક્ત કરી. આ પ્રસંગે મોઢેરા ગામની કુ.ઋત્વી પટેલે શ્રી ગુટેરેસને સોલાર ઊર્જાનું મહત્વ દર્શાવતી પેઈન્ટિંગ ભેટ આપી. આ પેન્ટિંગ નાગરિકોને સંદેશો આપે છે કે ધરતીને બચાવવા માટે સોલાર ઊર્જા તરફ વળવું પડશે. આ સોલાર ઊર્જાએ ઈકો- ફ્રેન્ડલી ઊર્જા છે અને આવનારો સમયએ સોલાર ઊર્જાનો છે. પત્રકારો સાથે વાર્તાલાપમાં પૂછાયેલ પ્રશ્નોનો હકારાત્મક પ્રતિસાદ આપી પ્રસન્નતાની લાગણી અનુભવેલ. ■

## સાબરમતી ખાતે 15મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન








તા. ૦૭ અને ૦૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ સાબરમતી ખાતે ૧૫મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ, જેમાં પુરૂષ વિભાગમાં શ્રી એસ.એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પી.આર.) ચેમ્પિયન થયેલ છે. જ્યારે શ્રી વી.એમ. પટેલ, જુનિયર આસિસ્ટન્ટ, કડી વિભાગીય કચેરી, રનર્સ અપ થયેલ છે.

મહિલા વિભાગમાં સુશ્રી તૃપ્તિબેન મોઢ, સુપ્રિટેન્ડન્ટ (એકાઉન્ટ), સિદ્ધપુર વિભાગીય કચેરી ચેમ્પિયન થયેલ છે અને સુશ્રી ઉર્વશીબેન સચાણીયા રનર્સ અપ થયેલ છે.

તારીખ ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ થી તારીખ ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ દરમ્યાન ભુજ ખાતે યોજાયેલ ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં તારીખ ૩૧-૧૨-૨૦૨૨ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ શ્રી એસ.એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પી.આર.)નું તથા શ્રીમતી આશાબેન ખાલપાડા, કાર્યપાલક ઇજનેર, સાબરમતી સર્કલનું શાલ ઓઢાડીને તેમજ મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવેલ.

સદર ટુર્નામેન્ટમાં શ્રી વી.એમ. પટેલ, જુનિયર આસિસ્ટન્ટ, કડી વિભાગીય કચેરી ઓલઇન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ છે. વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ અને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ. ■

# અંબાજી ખાતે યોજાયેલ ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ ચેમ્પિયન

તા. ૬-૧૧-૨૦૨૨ના રોજ પાલનપુર વર્તુળ કચેરીના યજમાન પદે અંબાજી ખાતે યોજાયેલ ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં રસાકસીભરી રમતને અંતે યુજીવીસીએલની ટીમ ચેમ્પિયન બનેલ છે, જ્યારે એમજીવીસીએલની ટીમ રનર્સઅપ થયેલ છે.


ટીમ એમજીવીસીએલ


ટીમ યુજીવીસીએલ

અગાઉ તા. ૨-૧૦-૨૦૨૨ના રોજ પાલનપુરના યજમાન પદે યોજાયેલ ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં કંપનીના તાબા હેઠળની પાલનપુર, સાબરમતી, હિંમતનગર, મહેસાણા સર્કલ અને કોર્પોરેટ ઓફિસની ટીમોએ ભાગ લીધેલ. જેમા મહેસાણની ટીમ ચેમ્પિયન તથા પાલનપુરની ટીમ રનર્સઅપ થયેલ. ટુર્નામેન્ટ બાદ ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે પસંગી થયેલ ટીમે તા. ૬-૧૧-૨૦૨૨ના રોજ રમાયેલ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનું પ્રતિનિધિત્વ કરેલ, જેમાં ચેમ્પિયન થયેલ છે. વિજેતા ખેલાડીઓનું ટ્રોફી, ટીશર્ટ અને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવેલ. ઈન્ટર કંપની ટુર્નામેન્ટ બાદ ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની કબડ્ડી ટુર્નામેન્ટ માટે ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ. શ્રી મનુભાઈ લોહ, સિનિયર આસિસ્ટન્ટ પાલનપુરની કપ્તાની પદે વરણી કરવામાં આવેલ છે. ■

# હિંમતનગર ખાતે ૧૫મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન



તારીખ ૦૪-૦૯-૨૦૨૨ના રોજ વર્તુળ કચેરી હિંમતનગર ખાતે યોજાયેલ ૧૫મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટના પરિણામો નીચે મુજબ છે. સદર ટુર્નામેન્ટમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ ભાગ લઈને ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરેલ.

**15મી ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં સિંગલ્સ/ડબલ્સ પુરૂષોની યાદી**

| નામ | હોદ્દા | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી યુ.જે.પટેલ | જુની. આસી. | હિંમતનગર વર્તુળ કચેરી | સિંગલ્સ ચેમ્પિયન |
| શ્રી એમ.સી.પટેલ | જુની. ઈજનેર | હિંમતનગર વર્તુળ કચેરી | સિંગલ્સ રનર્સ અપ |
| શ્રી યુ.જે.પટેલ | જુની. આસી. | હિંમતનગર વર્તુળ કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી એન.એસ.પટેલ | નાયબ ઈજનેર | હિંમતનગર વર્તુળ કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી મંથન સી.પટેલ | જુની. આસી. | પે.વી.કચેરી, વિજાપુર | ડબલ્સ રનર્સ અપ |
| શ્રી આઇ.એફ.મનસુરી | મેનેજર (આઇટી) | હિંમતનગર વર્તુળ કચેરી | ડબલ્સ રનર્સ અપ |

**15મી ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં સિંગલ્સ/ડબલ્સ મહિલાઓની યાદી**

| નામ | હોદ્દા | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| સુશ્રી એસ.એસ.ખરાડી | સિનિયર આસિસ્ટન્ટ | પે.વી.કચેરી, પાથાવાડા | સિંગલ્સ ચેમ્પિયન |
| કુ આર.એમ.જયસ્વાલ | જુનિયર ઈજનેર | હિંમતનગર વિભાગીય કચેરી | સિંગલ્સ રનર્સ અપ |
| શ્રીમતી એસ.એ.પટેલ | નાયબ ઈજનેર | પે.વી.કચેરી, હિંમતનગર (ગ્રામ્ય) | ડબલ્સ ચેમ્પિયન |
| કુ આર.એમ.જયસ્વાલ | જુનિયર ઈજનેર | હિંમતનગર વિભાગીય કચેરી | ડબલ્સ) ચેમ્પિયન |
| સુશ્રી એસ.સી.પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | પે.વી.કચેરી, ગાંધીનગર | રનર્સ અપ |
| શ્રીમતી જે.એ. ગજ્જર | નાયબ અધિક્ષક, હિસાબ | પે.વી.કચેરી, ગાંધીનગર | રનર્સ અપ |

# પાલનપુર ખાતે કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યુજીવીસીએલને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે બેઠક યોજાઈ









પાલનપુર ખાતે કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યુજીવીસીએલને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અધિકારી અને પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં સંસદ સભ્ય શ્રી પરબતભાઈ પટેલ અને શ્રી દિનેશભાઈ અનવાડીયા તથા ધારાસભ્યશ્રીઓ અને પદાધિકારીઓ દ્વારા પુછવામાં આવેલા યુજીવીસીએલને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે પાલનપુર શહેર માટે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, આગામી તા. ૯ ઓક્ટોબર-૨૦૨૨ ના રોજ આપણા દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પાલનપુર શહેરને નવી ભેટ આપવાના છે.

તેમણે ઉમેર્યુ કે, ભારે વરસાદ કે પૂરની સીઝનમાં યુજીવીસીએલના કર્મચારીઓ પોતાની જાન ની પરવા કર્યા વિના જીવ ના જોખમે પાણીમાં ઉતરી થાંભલા પર ચડી કામ કરે છે. ગુજરાતનું વીજ મોડેલ સમગ્ર દેશમાં વખણાય છે. તેમણે કહ્યું કે, ડિસેમ્બર-૨૦૨૨ના અંત સુધીમાં તમામ ખેડુતોને ખેતી વિષયક વીજ કનેક્શન આપી દેવાશે. જેટકો દ્વારા ૩૮ જેટલાં નવા સબ સ્ટેશનો પ્રાયોરીટીના આધારે બનાવવાનું આયોજન છે.

આ બેઠકમાં થરાદ ખાતે નવીન ડીવીઝન ઓફિસ શરૂ કરવા, થરાદ તાલુકાના મલુપુર અને મોરથલ ગામે મંજુર થયેલ ૬૬ કે.વી. સબ સ્ટેશનની કામગીરી પૂર્ણ કરવી, ખેતીવાડી વીજ કનેક્શનમાં લોડ વધારો કરી ડ્રીપ ઈરીગેશન માટે મોટર મુકી પાણી ખેંચવા બીજી મોટર ચલાવવાની મંજુરી આપવા, મલાણા ગામે ૬૬ કે.વી. સબ સ્ટેશન તાત્કાલિક ધોરણે ચાલુ કરવું, ખેતરમાં સિંગલ ફેજ લાઇટ રેગ્યુલર આપવી, નવી વીજ લાઇન નાખતી વખતે ખેતરોમાં ઓછું નુકશાન થાય તેનું ધ્યાન રાખવું, લોડ વધારો અને વીજ ટ્રાન્સફોર્મર નાખવા સહિતના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં કલેકટર શ્રી આનંદ પટેલ, યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશી, નિવાસી અધિક કલેકટર સુશ્રી રીટાબેન પંડ્યા, મુખ્ય ઇજનેર શ્રી વી. એમ. શ્રોફ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી કિરણબેન રાવલ, અગ્રણીઓ સર્વશ્રી ગુમાનસિંહ ચૌહાણ, શ્રી લાલજીભાઇ પ્રજાપતિ, શ્રી મોતીભાઇ પાળજા, શ્રી એલ. એ. ગઢવી, શ્રી અમરતભાઇ દેસાઇ, શ્રી મેરૂજી ધુંખ સહિત અધિકારીઓ-પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

## વિજયનગરના ચિઠોડા ખાતે ગ્રાહક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ

વિજયનગરના ચિઠોડાપટ્ટાના ૩૦થી વધુ ગામના લોકોની યુજીવીસીએલ દ્વારા ચિઠોડામાં ગ્રાહક સેવા કેન્દ્ર શરૂ કરી ગ્રાહકોની માંગણીઓ ઉકેલ આપેલ છે. ચિઠોડાપટ્ટામાં વીજ ગ્રાહકોને પોતાની સમસ્યાઓ અને વીજ બિલ ભરવા વિજયનગર આવવું પડતું હતું. જેથી ગ્રાહકોને ભારે હાલાકી વેઠવી પડતી હતી. જે અંગે પાલ પટ્ટા અને ચિઠોડાપટ્ટાના વીજ ગ્રાહકો દ્વારા ચિઠોડામાં ફરિયાદ કેન્દ્ર કે ગ્રાહક સેવા કેન્દ્ર શરૂ કરવાની માંગણીઓ કરી હતી.

જેને વિજયનગર કચેરીના નાયબ ઈજનેર શ્રી જી.વી.પરમારે માંગણીઓ બાબતે કંપનીના ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન દોરતાં કંપની દ્વારા ચિઠોડામાં ગ્રાહક સુવિધા કેન્દ્રની મંજુરી મળતા તા. ૧-૭-૨૦૨૨ના રોજ ગ્રાહક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહ, વર્તુળ કચેરી હિંમતનગર એકાઉન્ટ ઓફિસર, શ્રી ટી.આર. મોદી, વિભાગીય કચેરી ભિલોડાના કાર્યપાલક ઇજનેર, શ્રી એચ.આર. કલાસવા તથા નાયબ ઇજનેર, શ્રી જી.વી. પરમાર અને પેટા વિભાગીય કચેરી ભિલોડા-૧ તથા ભિલોડા-૨ના ઉચ્ચ અધિકારીઓ/કર્મચારીઓ હાજર રહેલ. ■

# પાલનપુર વિ.ક.ના તાબા હેઠળની માલણ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ





તારીખ ૧૮-૧૦-૨૦૨૨ના રોજ પાલનપુર વર્તૃળ કચેરીની પાલનપુર વિભાગીય કચેરી-૨ના તાબા હેઠળ માલણ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ પૂર્વ રાજ્ય મંત્રી, માનનીય શ્રી હરિભાઇ ચૌધરી તથા માનનીય પ્રમુખ શ્રી ગુમાનસિંહ ચૌહાણ તથા પૂર્વ રાજય મંત્રી, માનનીય શ્રી કાંતિભાઇ કચોરીયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે યુજીવીસીએલના પૂર્વ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવી, યુજીવીસીએલ પાલનપુર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી આઇ.જી. કટારા, માલણ ગામના અગ્રણીઓ તેમજ પાલનપુર વિભાગીય કચેરી-૧ અને ૨ના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં માલણ ગામના ગ્રામજનો હાજર રહેલ. ખાસ કરીને આ વિસ્તારના લોકોને પડતી મુશ્કેલી દૂર કરવા અને તેમની માંગણીને ધ્યાનમાં રાખી તથા પાલનપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી અને ઇકબાલગઢ પેટા વિભાગીય કચેરીનો વિસ્તાર ખૂબ જ મોટો હોવાથી કામનું ભારણ હળવું કરવા તથા ગ્રાહક લક્ષી સુવિધા વેગવંતી બનાવવા અને લોકોને સારી વીજ સુવિધા પ્રદાન કરી શકાય તેમા માટે માલણ પેટા વિભાગીય કચેરી, ખુલ્લી મુકવામાં આવેલ છે.

આ પેટા વિભાગીય કચેરી કાર્યરત થવાથી પાલનપુર તાલુકાનાં ૨૭, અમીરગઢ તાલુકાનાં ૨૩ ગામના આજુબાજુના કુલ ૦૫ સબસ્ટેશનના વીજ ફિડરો દ્વારા અને ૩૭૩૯ વીજ ટ્રાન્સફોર્મર દ્વારા કુલ ૨૨૬૦૬ વીજ ગ્રાહકોને અવિરત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે.

કાર્યક્રમના અંતમાં માલણ ગ્રામના સરપંચ, શ્રી સોમાજી માલુણા દ્વારા માલણ ગામના ગ્રામજનો વતી આ કાર્યક્રમને દીપાવવા બદલ, આવેલા મહેમાનશ્રીઓ અને યુજીવીસીએલના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓશ્રીનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ. ■

## હિંમતનગરના તાબા હેઠળની મોડાસા પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ



તારીખ ૨૦-૧૦-૨૦૨૨ના રોજ હિંમતનગર સર્કલની મોડાસા ગ્રામ્ય ૨ પેટાવિભાગીય કચેરીનો લોકાર્પણ શ્રી લાલસિંહ ચૌહાણ, પ્રમુખ,જિલ્લા પંચાયત, અરવલ્લીના વરદ હસ્તે તથા મુખ્ય ઇજનેર શ્રી જી.એચ. એન્જિનીયર તથા અધિક્ષક ઇજનેર, શ્રી જી.જે. ધનુલાની હાજરીમાં કરવામાં આવેલ. ૪૮ ગામોના ૨૪૮૪૭ ગ્રાહકો લાભાન્વિત થશે. ■

## સાબરમતીના તાબા હેઠળની ગોબલજ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ



તા. ૨૦-૧૦-૨૦૨૨ના રોજ યુજીવીસીએલ સાબરમતી વર્તુળ કચેરીના કાર્યક્ષેત્રની ગોબલજ પેટા-વિભાગીય કચેરીનો લોકાર્પણ શ્રી અર્જુનસિંહ ચૌહાણ માનનીય કેબિનેટ મંત્રી, ગ્રામીણ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણના વરદ્ હસ્તે તથા શ્રી કેસરસિંહ સોલંકી ધારાસભ્ય અને મુખ્ય ઇજનેર, શ્રી વી.એમ.શ્રોફની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવે. ■

## મહેસાણાના તાબા હેઠળની વડનગર-2 પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ



તા. ૨૧-૧૦-૨૦૨૨ના રોજ મહેસાણા વર્તુળ કચેરીના કાર્યક્ષેત્રમાં શ્રી અજમલજી ઠાકોર ધારાસભ્ય, ખેરાલુના વરદ્ હસ્તે સામાજિક અને રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વડનગર-૨ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવેલ. જેનાથી વડનગર, વિસનગર, ખેરાલુ તાલુકાના કુલ ૧૬ ગામ તથા વડનગર શહેરના કુલ ૨૫૨૨૧ વીજ ગ્રાહકો લાભાન્વિત થશે. ■

# વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં અધિકારીશ્રીઓનો વિદાય સમારંભ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણાના મુખ્ય ઇજનેર (ઓપી), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી પી.સી. શાહ, અને કાર્યપાલક ઈજનેર, શ્રીમતી કે.કે. પટેલ વય મર્યાદાને કારણે તા.૩૦/૦૯/૨૦૨૨ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે, ત્યારે તેઓશ્રીની નિવૃત્તિના ઉપલક્ષમાં યુજીવીસીએલની રજી. કચેરી, મહેસાણા ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ.



સદર કાર્યક્રમમાં કંપનીનાં મેનેજિંગ ડિરેક્ટર, શ્રી પ્રભવ જોષી દ્વારા શ્રી જે.કે. દરજી, શ્રી પી.સી. શાહ, તેમજ શ્રીમતી કે.કે. પટેલને પ્રસશ્તિપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવેલ અને તેઓનું શેષ જીવન સુખમય, સ્વસ્થ તેમજ નિરોગી નિવડે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

આ પ્રસંગે, શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી), સહિત ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા વિદાય થઇ રહેલ શ્રી જે.કે. દરજી, શ્રી પી.સી. શાહ, તેમજ શ્રીમતી કે.કે. પટેલને કંપનીમાં તેઓશ્રી દ્વારા દીર્ઘકાળ સુધી ફરજ બજાવવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી શેષ જીવન સુખમય, સ્વસ્થ તેમજ નિરોગી નિવડે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

શ્રી જી.આર. વસાવા, હિસાબી અધિકારીશ્રી, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી મહેસાણા દ્વારા કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવેલ. ■

# સ્નેહ મિલન કાર્યક્રમ તથા વિદાય સમારંભનું આયોજન

વિક્રમ સંવત ૨૦૭૯ના નૂતન વર્ષ નિમિત્તે તા. ૨૯-૧૦-૨૦૨૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, કોન્ફરન્સ હોલ, નવું બિલ્ડિંગ, રજી. અને કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી પ્રભવ જોષીની ઉપસ્થિતિમાં "સ્નેહ મિલન કાર્યક્રમ" તેમજ તા. ૩૧-૧૦-૨૦૨૨ના રોજ વયમર્યાદાના કારણે કંપનીની સેવામાંથી નિવૃત્ત થવા જઈ રહેલ શ્રી વી.એચ. ઠાકર, વિશેષ મુખ્ય ઈજનેર, કોમર્સ વિભાગ, રજી. કચેરી, મહેસાણાનો "વિદાય સમારંભ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ.



આ પ્રસંગે કંપનીના તમામ ઉચ્ચ અધિકારીઓશ્રી, વર્તુળ કચેરીઓના તમામ અધિકારી/કર્મચારીગણ હાજર રહેલ.

સદર કાર્યક્રમમાં મેનેજિંગ ડિરેક્ટર, શ્રી પ્રભવ જોષી દ્વારા યુજીવીસીએલ પરિવારના તમામ અધિકારી/કર્મચારીગણને નૂતનવર્ષના અભિનંદન પાઠવીને શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ. વધુમાં તેઓશ્રી દ્વારા તમામ અધિકારી / કર્મચારીગણને કંપનીની ઉત્તરોત્તર પ્રગતિ માટે હજી વધારે ધગશ, ખંત, મહેનત અને વધુ ઉત્સાહપૂર્વક ફરજ બજાવે તેમ જણાવી યુજીવીસીએલ પરિવારના સારા સ્વાસ્થ્ય અને સુરક્ષાની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ■

# શ્રી જી.એચ. એન્જિનીયરે મુખ્ય ઈજનેર (પી)નો કાર્યભાર સંભાળ્યો

તા. ૧-૧૦-૨૦૨૨ના રોજથી કંપનીના મુખ્ય ઇજનેર (પી) તરીકે બઢતી મેળવી શ્રી જી.એચ. એન્જિનીયરે વિધિવતરીતે કાર્યભાર સંભાળેલ છે. તા. ૮-૧-૧૯૯૨ના રોજ હારીજ પેટા વિભાગીય કચેરી ખાતેથી જુનિયર ઇજનેર તરીકે નિમણુંક મેળવ્યા બાદ શ્રી એન્જિનીયરે કડી-૧, પે.વિ.ક. ખાતે બદલી મેળવ્યા બાદ કેશોદ ખાતે નાયબ ઇજનેર તરીકે બઢતી મેળવેલ. નાયબ ઇજનેર તરીકે રાધનપુર, વિરમગામ, સાણંદ, કડી-૨, ખાતે ફરજ બજાવ્યા બાદ તા. ૩-૧-૨૦૧૩થી કાર્યપાલક ઇજનેર તરીકે ભિલોડા ખાતે બઢતી મેળવ્યા બાદ ગાંધીનગર ખાતે બદલી મેળવેલ. તા. ૪-૯-૨૦૧૭ના રોજ અધિક્ષક ઇજનેર તરીકે આરએન્ડસી ઓફિસ ખાતે બઢતી મળેલ. કંપનીના હિતમાં મહેસાણા સર્કલ ખાતે બદલી મેળવ્યા બાદ તા. ૬-૮-૨૦૧૯ના રોજ મહેસાણા કોર્પોરેટ ઓફિસ ખાતે વિશેષ મુખ્ય ઇજનેર તરીકે બઢતી મેળવી આખરે તા. ૧-૧૦-૨૦૨૨ના રોજ મુખ્ય ઇજનેર (પી) તરીકે બઢતી મેળવી કાર્યભાર સંભાળેલ છે.



કુલ ૩૦ (ત્રીસ) વર્ષથી વધુ સમયનો અનુભવ ધરાવતા શ્રી એન્જિનીયર ખૂબ બહોળો અનુભવ માત્ર વીજ વિતરણની સંચાલન અને નિભાવની કામગીરી અંગે ધરાવે છે, જે તેમનું ખૂબ જ મહત્ત્વનું જમા પાસુ છે. ઉત્સાહિ ત્વરિત નિર્ણયશક્તિ ધરાવતા શ્રી જી.એચ. એન્જિનીયર પોતાના અનુભવને લઈને અસરકારક કામગીરી દ્વારા કંપનીના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા સફળતાપૂર્વક ભજવશે તેવા વિશ્વાસ સાથે તેઓશ્રીને ભાવિ યશસ્વી કામગીરી માટે યુજીવીસીએલ પરિવાર હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ■




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત...

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ - મહેસાણા**

**CIN- U40102GJ2003SGC042906**

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો? આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com